એસી કારમાં ફરવાને બદલે મનપાના અધિકારીઓ ટુ-વ્હીલર પર ફરે તો સચ્ચાઈ સમજાશે!

# વાહનો 'ડિસ્કો' કરે અને મનપા કહે છે 97.5 ટકા રસ્તા રિપેર થઈ ગયા!

**ખાડા** એવી રીતે પૂર્યા છે કે વાહનો તેની પર ઉછળે છે, એક જ રસ્તામાં બે-બે લેયરના ડામરના પેચ

સુરત : સુરતમાં આમ પણ રસ્તાઓની હાલત ખરાબ હતી. ઠેકઠેકાણે ખાડાઓ અને ગમે તેમ કરાયેલા રિકાર્પેટને કારણે વાહનો ઉછળતાં જ હતાં અને તેમાં વરસાદે રસ્તાઓની હાલત વધુ ખરાબ કરી નાખઈ છે. જોકે, મનપા દ્વારા એવા દાવાઓ કરવામાં આવી રહ્યા છે કે શહેરમાં 97.50 ટકા રોડ રિપેરિંગનું કામ પૂર્ણ થઈ ગયું છે.

મનપાના દાવા પ્રમાણે વરસાદથી અસરગ્રસ્ત થયેલા 1,215 સ્થળોમાંથી 1,191 સ્થળોએ સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને માત્ર 24 સ્થળોએ કામગીરી બાકી છે. જોકે, મનપાના આ દાવાની સામે વાસ્તવિકતા ઘણી અલગ છે. વરાછા, ઉધના, લિંબાયત, કતારગામ, અઠવા સહિતના અનેક વિસ્તારોમાં આજે પણ રસ્તાઓ પર ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ક્યાંક ડામર ધોવાઈ ગયો છે તો ક્યાંક રોડ પર પેચવર્કના નામે માત્ર ઔપચારિકતા પૂરી કરવામાં આવી છે અને તે પણ એવી રીતે કે એક જ રસ્તામાં બે-બે લેયર જોવા મળી રહ્યા છે. વાહનચાલકોને રોજિંદા અકસ્માતનો ભય સતાવી રહ્યો છે, જ્યારે બે પૈડાવાળા વાહનચાલકો માટે દરેક ખાડો જીવલેણ સાબિત થઈ શકે તેવી સ્થિતિ સર્જાઈ છે. પોતાની એસી કારમાં ફરતાં મનપાના અધિકારીઓ જો ટુ-વ્હીલર પર નીકળે તો તેમને ખબર પડે કે રસ્તાઓ કેવા રિપેર થયા છે!













# વિજયભાઈ ભરવાડનો જન્મદિવસે 100 માવતરને આજીવન રાશન કિટનો સંકલ્પ



સુરતઃ વર્ષોથી શિક્ષણ, માનવસેવા અને આપત્તિ રાહત ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનારા સુરતના સમાજસેવક અને માલાભાઈ સારાભાઈ ભડીયાદરા એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ માલાભાઈ ભરવાડે પોતાના જન્મદિન નિમિત્તે તેમણે 100 માવતરને દત્તક લઈ તેમને આજીવન રાશન કિટ આપવાનો સંકલ્પ કર્યો છે. ટ્રસ્ટ દ્વારા 'હરિ આશરો' યોજના હેઠળ અત્યાર સુધી 21 વિધવા બહેનોને મકાન બનાવી આપવામાં આવ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે 3,070 કિમીની શિક્ષણ રથયાત્રા, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિઃશુલ્ક કોચિંગ તેમજ દર વર્ષે વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં નોટબુકનું વિતરણ કરવામાં આવે છે. વર્ષ 2022માં ગાંધીનગર ખાતે 800 વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાની નિઃશુલ્ક રહેઠાણ અને કોચિંગ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાંથી 250થી વધુ વિદ્યાર્થીઓ સરકારી સેવામાં જોડાયા હોવાનું જણાવાયું છે. તાજેતરમાં સુરતના પૂર દરમિયાન પણ ટ્રસ્ટ દ્વારા એક લાખથી વધુ ફૂડ પેકેટ, પીવાના પાણીની બોટલો તેમજ ખીચડીના ફૂડ પાર્સલનું વિતરણ કરાયું હતું. કોરોના મહામારી દરમિયાન 5,000 રાહત કીટનું વિતરણ તથા એમ્બ્યુલન્સની ભેટ આપવામાં આવી હતી. તાઉતે વાવાઝોડા પછી ગીર વિસ્તારમાં પશુઓ માટે 100 ટ્રક ઘાસ મોકલી સંવેદનશીલ કામગીરી કરવામાં આવી હતી. તાજેતરમાં તારાપુર ખાતે 100 દીકરીઓના સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાજપમાં પણ હવે કોંગ્રેસની જેમ ખુલ્લેઆમ લડાઈ શરૂ

# કોર્પોરેટરો વચ્ચેની મારામારી મુદ્દે હવે સોશિયલ મીડિયા પર જંગ!

**'ISupport** Mahendra Desai'ના નામથી હેશટેગ સાથે સોશિયલ મીડિયામાં ભાજપની શિસ્તના લીરેલીરા ઉડી રહ્યા છે

સુરતઃ શહેર ભાજપમાં લાંબા સમયથી ચાલી રહેલો આંતરિક વિવાદ હવે સોશિયલ મીડિયા પર ખુલ્લા જંગમાં ફેરવાઈ ગયો છે. મહિલા કોર્પોરેટર દંપતી પર હુમલો, તોડબાજી અને ઉદ્યોગપતિઓ પાસેથી નાણાં વસૂલવા જેવા ગંભીર આક્ષેપોનો સામનો કરી રહેલા સુરત મહાનગરપાલિકાની ટી.પી. સમિતિના ચેરમેન મહેન્દ્ર દેસાઈના સમર્થનમાં સોશિયલ મીડિયા પર 'ISupportMahendraDesai' અભિયાન શરૂ થતાં ભાજપના આંતરિક કલહે નવો વળાંક લીધો છે.



એક તરફ મહિલા કોર્પોરેટર ન્યાયની માંગ કરી રહ્યાં છે, તો બીજી તરફ પક્ષના જ કાર્યકરો આરોપી નેતાના સમર્થનમાં ડિજિટલ મેદાનમાં ઉતરી આવ્યા છે. એક તરફ 'સબકા સાથ'ના સૂત્રો અને બીજી તરફ 'I Support'ના કેમ્પેઈન! સુરત ભાજપમાં હવે વિરોધીઓ સામે નહીં, પરંતુ પોતાના જ નેતાઓ વચ્ચે વર્ચસ્વની લડાઈ શરૂ થઈ ગઈ હોય તેવું ચિત્ર ઊભું થયું છે.

'ISupportMahendraDesai' હેશટેગ સાથે ફેસબુક, વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સમર્થન દર્શાવતી પોસ્ટનો મારો ચાલી રહ્યો છે. આ અભિયાનથી સ્પષ્ટ થાય છે કે ભાજપની અંદર હવે બે જૂથો ખુલ્લેઆમ આમને-સામને આવી ગયા છે. પક્ષની આંતરિક લડાઈ જાહેરમાં આવી જતાં રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે શિસ્ત અને સંગઠનની વાતો કરતો પક્ષ આજે પોતાના જ નેતાઓ વચ્ચેના આક્ષેપ-પ્રત્યારોપ, મારામારી અને સોશિયલ મીડિયા કેમ્પેઈન સુધી કેમ પહોંચ્યો? પ્રદેશ મોવડીમંડળ સુધી મામલો પહોંચ્યો હોવા છતાં હજુ સુધી કોઈ શિસ્તભંગના પગલાં ન લેવાતાં કાર્યકરોમાં પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે જો આ વિવાદને સમયસર કાબૂમાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સુરત ભાજપમાં જૂથવાદ વધુ વિસ્ફોટક રૂપ ધારણ કરી શકે છે.

## અડાજણમાં બેસતા વર્ષે જ પત્નીની હત્યા કરનારા પતિનો છૂટકારો

સુરતઃ કેસની વિગત એવી છે કે તા.૦૫/૧૧/૨૦૨૧ના રોજ બેસતા વર્ષના દિવસે આરોપીના મોટાભાઈના દીકરાને આરોપીના પિતા છીતુભાઈ નાગજીભાઈ ચૌહાણે દિવાળી બોણી આપી હતી. તેમજ મોટા બહેનની દીકરીને સોનાની ચેઈન આપી હતી. જે મુદ્દે બંન્ને પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. આરોપીએ ગુસ્સામાં આવી પત્ની પોતું મારતી હતી ત્યારે ગળે ટૂંપો દઈ હત્યા કર્યા બાદ આ ઘટનાને આત્મહત્યામાં ખપાવવા માટે દાદરના ભાગે દોરી બાંધીને પત્નીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું દર્શાવ્યું હતું. આ ઘટનામાં અડાજણ પોલીસે આરોપી પતિ સામે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. આરોપી તરફે એડવોકેટ કિરીટ સી. પાનવાલા તથા રોહન કે. પાનવાલાએ કરેલી રજૂઆત કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

# નવા ફાઈલિંગ નિયમનો વિરોધ, સુરત બારની આજથી બે દિવસની હડતાળ

**સુરત** જિલ્લા વકીલ મંડળના તમામ વકીલો આજે અને શનિવારે કોર્ટ કામકાજથી અળગાં રહેશે

સુરતઃ હાઈકોર્ટનાં નવા ફાઈલિંગ નિયમોનાં પરિપત્રનાં વિરોધમાં આવતીકાલથી બે દિવસ વકીલો કોર્ટ કામકાજથી અળગાં રહી હડતાળ પાડશે.

ગુજરાતભરના વકીલોમાં હાઈકોર્ટના નવા ફાઈલિંગ નિયમોને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. A4 સાઈઝના પેપર અને નિર્ધારિત ફોન્ટ ફરજિયાત કરતો પરિપત્ર સ્થાનિક સ્તરે અમલમાં મૂકવો મુશ્કેલ હોવાનું વકીલોનું કહેવું છે. તેના વિરોધમાં આજે સુરત બાર એસોસિએશનનાં પ્રમુખ ઉદય પટેલના અધ્યક્ષ સ્થાને કાઉન્સિલ બેઠક મળી હતી. બારનાં સેક્રેટરી મુકુંદ રામાણીએ જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટના પરિપત્રના વિરોધમાં સુરત જીલ્લા વકીલ મંડળ દ્વારા બે દિવસ કોર્ટ કામથી અળગા રહેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બાર કાઉન્સિલ અને બીસીજી સુરતનાં સભ્યોની સંયુક્ત બેઠકમાં હાઈકોર્ટના એ-૪ સાઈઝ પેપરમાં આગળ-પાછળ પ્રિન્ટ આપવા, ચોક્કસ ફોન્ટનો ઉપયોગ કરવા તેમજ દરેક અરજીઓ, પ્લીડિંગ, એફિડેવિટ, મેમોરેન્ડમ ઓફ અપીલ અને મુદત અરજી પણ ફરજિયાતપણે કમ્પ્યુટરાઈઝડ ટાઈપિંગ કરીને જ રજૂ કરવાના નિયમના પરિપત્ર સામે સખત વિરોધ નોંધવામાં આવ્યો હતો.

આ બેઠકમાં સંજય પટેલ, કવન પટેલ, ફેની પટેલ સહિત કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. આજે બીસીજીના સભ્યોની એક બેઠક આ પરિપત્રનાં મુદ્દે અમદાવાદ ખાતે ચીફ જસ્ટિસ સાથે હોવાથી બીસીજી સુરતનાં સભ્યો હાલ અમદાવાદ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઝુલેલાલ સિન્ધુ સેવા યાત્રા સમિતિ ટ્રસ્ટ દ્વારા રવિવારે મહારક્તદાન શિબિરનું આયોજન

સુરતઃ પૂજ સુરત સિંધી સમાજના સેવાદારી સભ્ય મુરલીધર લીલાણી યાદીમાં જણાવ્યા મુજબ, ઝુલેલાલ સિન્ધુ સેવા યાત્રા સમિતી ટ્રસ્ટ સાથે મહાલક્ષ્મી વિશ્વ શક્તિધામ, અડાજણ, સુરત દ્વારા રવિવારે તા.૭મી ઓગસ્ટના રોજ સવારે ૧૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી સિન્દુ સેવા સમિતી સ્કૂલ, આનંદમહેલ રોડ, અડાજણ ખાતે રક્તદાનશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાતાઓને પ્રશંસાપત્ર કિટ માટે ચા-નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું પ્રમુખ ત્રિલોક થદાનીએ જણાવ્યું હતું.

### સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના નવા હોદ્દેદારો વરાયા



સુરતઃ સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલની 33મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ નિરવ રાણાએ સભ્યોને આવકારીને સભાની કાર્યવાહી શરૂ કરી હતી. વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે સંસ્થાના નવા વરાયેલા હોદ્દેદારો તરીકે પ્રમુખ પદે આશિષ ગુજરાતી, ઉપપ્રમુખ પ્રથમ દિલીપ ચશ્માવાળા, ઉપપ્રમુખ દ્વિતીય વિજય મેવાવાળા, માનદ મંત્રી દિપેશ શાકવાળા અને ખજાનચી ધનેશ ગોળવાળાની નિમણૂક કરવામાં આવી હતી તથા તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ નિરવ રાણા પણ હોદ્દેદાર તરીકે રહેશે. નવા વરાયેલા પ્રમુખ આશિષ ગુજરાતીએ આવનાર વર્ષમાં હાથ ધરાનાર કાર્યક્રમ વિશે માહિતી આપી હતી.

### મલ્હાર પરિવાર દ્વારા 'ક્રેઝી કિશોર' સંગીત સંધ્યાનું આયોજન કરાયું



સુરતઃ 300થી વધુ સભ્યો ધરાવતા સુરતના મલ્હાર પરિવાર દ્વારા ગાયક કિશોરકુમારની ૯૭મી જન્મજયંતિ નિમિત્તે 'ક્રેઝી કિશોર'ના નામથી સંગીત સંધ્યાનું પાલનપોરના સ્વરાંગન સ્ટુડિયો ખાતે આયોજન કરાયું હતું. જેમાં એડમિન ટીમના મનહર ચૌહાણ, કેતન દેસાઈ, મનીષ ચાવડા, નિખિલ શેઠ, ઉમેશ રામવાલા તથા ભૂપેન્દ્ર બચકાનીવાળા તેમજ અનેક સિંગરએ કિશોરકુમારના ગીતો રજૂ કર્યા હતા. સાથે સાથે એડમિન મનીષ ચાવડા અને ફારૂક કુરેશીના જન્મદિવસ નિમિત્તે કેક પણ કારવામાં આવી હતી. કાર્યક્રમમાં આસિ. પો.કમિ. આર.આર.આહીર ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સંચાલન ફારૂક કુરેશી દ્વારા કરાયું હતું. કાર્યક્રમ બાદ તમામને અલ્પાહાર અપાયો હતો.

### બાલાશ્રમની શાળામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઇ



સુરત : કતારગામમાં બાલાશ્રમ સંચાલિત સવિતાબેન હિમતલાલ લોખંડવાલા પૂર્વ પ્રાથમિક તથા ધોરણ 1થી 8 (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) શાળામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ આચાર્ય, સુપરવાઇઝર તેમજ શિક્ષકમિત્રોને ગુલાબનું ફૂલ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્વ ઉજાગર કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓમાં શિક્ષકો પ્રત્યે આદરભાવ કેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું આયોજન શિક્ષિકા શોભનાબેન સુરતી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસંગે શાળાના આચાર્ય સંજયભાઈ જાદવે વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાના મહત્વ અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે શિક્ષક જીવન ઘડતરનો આધારસ્તંભ છે. તેમણે વિદ્યાર્થીઓને ગુરુઓના માર્ગદર્શનને જીવનમાં આત્મસાત કરી સારા નાગરિક બનવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમ અંતે સૌએ ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

### ચેક રિટર્ન કેસમાં ભેસ્તાનના ગૌરવ પ્રજાપતિને 15 માસની કેદ

સુરતઃ ભેસ્તાન વિસ્તારમાં રહેતા ગૌરવકુમાર મહેશભાઈ પ્રજાપતિને ઉધનાની એક શાળાના પ્રિન્સિપાલે કેન્ગન વોટર મશીન ખરીદવા માટે રૂપિયા 1.25 લાખ ઉછીના આપ્યા હતા. જેની સામે ગૌરવ પ્રજાપતિએ પ્રિન્સીપાલને ચેક આપ્યા હતા. આ ચેક રિટર્ન થતાં શાળાના પ્રિન્સીપાલે વકીલ પરિમલ ડી.ગજ્જર તથા નિકુંજ એચ.શર્મા મારફત કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આ કેસમાં કોર્ટે આરોપી ગૌરવકુમાર મહેશભાઈ પ્રજાપતિને ૧૫ માસની કેદ ની સજા અને રૂા.૧,૨૫,૦૦૦નો દંડ ચુકવવાનો આદેશ કર્યો છે. ચુકાદાના દિવસે ગૌરવ પ્રજાપતિ હાજર નહીં રહેતા તેની વિરૂદ્ધ ધરપકડ વોરંટ કાઢવાનો પણ આદેશ કરાયો છે.

### બ્રિન્દા ઘીવાળા પીએચ.ડી. થયા



સુરતઃ 'A MATHEMATICAL STUDY OF THE IMPACT OF GEOMETRIC LOCATION ON CLIMATE CHANGE IN INDIA USING FINITE ELEMENT METHOD' વિષય પર બ્રિન્દા દિપકકુમાર ઘીવાળાએ રજૂ કરેલા શોધનિબંધને નર્મદ યુનિ.એ માન્યતા આપીને તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ શોધનિબંધ તેમણે ભરૂચના ઝાડેશ્વરની નર્મદા કોલેજના એસો. પ્રોફેસર ડો. પી.એન.મિશ્રાના માર્ગદર્શનમાં તૈયાર કર્યો હતો.

# દુબઈમાં નોકરી કરતી સુરતની યુવતી પાસે રૂ. 79 લાખ પડાવનાર ઝડપાયો

**ફોટા મોર્ફ** કરીને યુવતીને બદનામ કરવાની ધમકી આપી હતી

સુરતઃ સુરતમાં રહેતી અને દુબઈમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતી યુવતીને મોર્ફ કરેલા ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા તેમજ પરિવારજનોને મોકલી બદનામ કરવાની ધમકી આપી અંદાજે રૂ.79.13 લાખ પડાવનાર મૂળ હિમાચલ પ્રદેશના વતની અવિનાશ દેશરાજ ઠાકુર (ઉં.વ. 37)એ ની ધરપકડ કરી હતી.

સુમુલ ડેરી રોડ વિસ્તારમાં રહેતી નિશા (નામ બદલ્યું છે) દુબઈમાં એક ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે.

વર્ષ-2023 દરમિયાન આરોપી અવિનાશ દેશરાજ ઠાકુરે યુવતીના મોર્ફ કરેલા ફોટોગ્રાફ્સ બતાવી ધમકી આપી હતી કે જો તેની માંગ મુજબ પૈસા નહીં આપે તો ફોટોગ્રાફ્સ તેની કંપનીના કર્મચારીઓ તેમજ પરિવારજનોને મોકલી તેને સમાજમાં બદનામ કરશે અને જાનથી મારી નાંખશે.

આ ધમકીઓથી ગભરાઈ ગયેલી યુવતીએ પોતાની બચતની રકમ ઉપરાંત કંપનીમાંથી એડ્વાન્સ પગાર મેળવી આરોપી અને તેના જણાવ્યા મુજબના બેંક ખાતાઓમાં મની એક્સચેન્જ મારફતે અલગ-અલગ હપ્તામાં રકમ ટ્રાન્સફર કરી હતી. એપ્રિલ-2023થી માર્ચ-2026 દરમિયાન કુલ 3,42,000 દિરહામ અને ભારતીય ચલણના રૂ.86 હજાર સહિત અંદાજે રૂ.79,13,669 આરોપીએ પડાવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફેબ્રુઆરી-2026માં યુવતી સુરત પરત આવી હોવા છતાં આરોપી તેના ભારતીય વોટ્સએપ નંબર પર સતત ફોન કરીને વધુ નાણાંની માંગણી સાથે ધમકીઓ આપતો રહ્યો હતો.

કારને ઓવરટેક કરવા જતાં સામેથી આવતી સ્કૂલ બસ સાથે ગંભીર અકસ્માત સર્જાયો

# ડભારીથી પરત થતાં ત્રણ મિત્રની બાઈકને અકસ્માતમાં એકનું મોત

**બાઈક** ચાલક મિત્ર ઇજાગ્રસ્ત અને મૃત બંને મિત્રોને સ્થળ મૂકીને ભાગી ગયો

**ડિસેમ્બરમાં** લગ્ન થવાનાં હતા

સુરતઃ ડભારી બીચ પરથી મિત્રો સાથે મજા માણીને પરત ફરી રહેલા 25 વર્ષીય રેડિમેન્ટ કપડાના વેપારી યુવકનું દાંડી ફાટક નજીક બસ સાથે થયેલા ગોઝારા અકસ્માતમાં મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્ર નાસિકના વતની અને હાલ પાલનપુર પાટીયા રોડ પર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા 25 વર્ષીય આદિત્ય રમેશ કેશવાળી રેડીમેન્ટ કપડાનો વેપાર કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો.



બુધવારે સવારે આદિત્ય પોતાના મિત્રો વિકી અને સુરેશ સાથે વિકીની બાઈક પર ડભારી બીચ ફરવા ગયો હતો. દિવસભર બીચ પર સમય વિતાવ્યા બાદ સાંજે આશરે સાડા ચાર વાગ્યે ત્રણેય મિત્રો સુરત પરત ફરી રહ્યા હતા. ત્યારે બાઈક સુરેશ ચલાવી રહ્યો હતો. દાંડી ફાટક નજીક રિલાયન્સ ગોડાઉન સામે પહોંચતા સુરેશે આગળ ચાલતી કારને ઓવરટેક કરવા જતાં સામેથી આવતી ફાઉન્ટેન સ્કૂલની બસને ઠોકી દીધી હતી. સર્જાયેલા ગંભીર અકસ્માતમાં આદિત્યના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. જ્યારે બાઈકના માલિક વિકીને જમણા પગમાં ગંભીર ફ્રેક્ચર તેમજ શરીરે અન્ય ઈજાઓ પહોંચી હતી. જેથી તેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તેમજ બાઈક ચાલક સુરેશ બંને મિત્રોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાની જગ્યાએ સ્થળ પરથી ભાગી ગયો હોવાનું મૃતકના પરિવારે જણાવ્યું હતું. જહાંગીરપુરા પોલીસે બાઈક ચાલક સુરેશ વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. છ મહિના પહેલા સગાઈ થઈ ગઈ હતી અને આગામી ડિસેમ્બર મહિનામાં લગ્ન યોજવાની પરિવારની તૈયારી ચાલી રહી હતી. પરંતુ અચાનક અકસ્માતે આદિત્યનું જીવન છીનવી લેતાં લગ્નની ખુશી માતમમાં ફેરવાઈ ગઈ છે.

## મનપાની 'સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા' અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમમાં યોજાશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરની નાટ્ય પ્રતિભાઓને મંચ પૂરો પાડવા માટે વિતેલા 52 વર્ષથી સતત 'સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા'નું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ આગામી સમયમાં આ બહુચર્ચિત નાટ્ય સ્પર્ધાનું આયોજન કતારગામ ખાતે આવેલા ભારત રત્ન અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમમાં કરવામાં આવશે. સુરત શહેરની તમામ નાટ્ય સંસ્થાઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં જોડાવા માટેના પ્રવેશપત્રો ઓફિસ સમય દરમિયાન સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતેથી મેળવી શકાશે. આ ઉપરાંત મનપાની વેબસાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પ્રેસનોટ, પ્રવેશપત્ર તેમજ નિયમો અંગેની તમામ વિગતો ડાઉનલોડ કરી શકાશે.

**આજે 'નેશનલ હેન્ડલૂમ ડે'** લુપ્ત થતી જરી-જરદોશી કલાને જીવંત રાખવા તાલીમ અને સંશોધનને વેગ પણ અપાઈ રહ્યો છે

# સુરતના વેલ્યુ એડિશને હજારો મહિલાને રોજગારી આપી

**સુરતમાં** તૈયાર થયેલા સાડી, ડ્રેસ મટિરિયલ, દુપટ્ટા અને લહેંગામાં હાથની કળાનું વિશ્વભરમાં વધતું મહત્વ



સુરતઃ દર વર્ષે ૭ ઓગસ્ટના રોજ ભારતમાં રાષ્ટ્રીય હાથવણાટ દિવસ (નેશનલ હેન્ડલૂમ ડે) ઉજવવામાં આવે છે. આ દિવસ દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને હાથવણાટ (હેન્ડલૂમ) ઉદ્યોગને સન્માનિત કરવા તથા વણકરોના પરિવારોને પ્રોત્સાહન આપવા માટે મનાવાય છે. ૭ ઓગસ્ટ ૧૯૦૫ના રોજ કોલકાતાના ટાઉન હોલમાં 'સ્વદેશી આંદોલન' શરૂ થયું હતું. બ્રિટિશ સરકારના બંગાળના ભાગલાના વિરોધમાં આ આંદોલન દ્વારા સ્વદેશી ચીજવસ્તુઓ અને હાથવણાટના ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ જ ઐતિહાસિક દિવસની યાદમાં ૭ ઓગસ્ટને પસંદ કરવામાં આવ્યો છે. દેશના અગ્રણી ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતું સુરત માત્ર કૃત્રિમ કાપડના ઉત્પાદન પૂરતું જ મર્યાદિત નથી, પરંતુ હેન્ડલૂમ આધારિત હેન્ડમેડ વેલ્યુ એડિશનના ક્ષેત્રમાં પણ મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું છે. સુરતમાં સાડી, ડ્રેસ મટિરિયલ, દુપટ્ટા, થ્રી-પીસ સેટ અને લહેંગા જેવા વિવિધ વસ્ત્રો પર ટીકી, ડાયમંડ, સિક્વિન, સ્ટોન અને જરી-જરદોશીનું હાથથી કરવામાં આવતું ડિઝાઈનર વર્ક દેશ-વિદેશના બજારોમાં વિશેષ માંગ ધરાવે છે. આ કુટિર અને લઘુ ઉદ્યોગ સાથે હજારો મહિલાઓ જોડાયેલી છે, જેઓ પોતાના ઘરેથી અથવા નાનાં એકમોમાં કામ કરીને પરિવારને આર્થિક આધાર પૂરો પાડી રહી છે. સુરતના હેન્ડમેડ ટેક્સટાઈલ વેલ્યુ એડિશન ઉદ્યોગમાં કાપડને આકર્ષક અને પ્રીમિયમ લૂક આપવા માટે વિવિધ પ્રકારનું હાથનું કારીગરી કામ કરવામાં આવે છે. મશીનથી તૈયાર થયેલા ફેબ્રિક પર હાથથી ટીકી, મોતી, ડાયમંડ, જરી, દોરા અને અન્ય સુશોભન સામગ્રી ટાંકીને તૈયાર કરવામાં આવતા ગારમેન્ટ્સને દેશનાં મોટાં શહેરો ઉપરાંત મધ્ય પૂર્વ, આફ્રિકા અને દક્ષિણ ભારતનાં બજારોમાં પણ સારી માંગ છે.

ખાસ કરીને દક્ષિણ ભારતમાં વેચાતી સિલ્કની સાડીઓમાં સુરતમાં કરવામાં આવતું અસલ જરી-જરદોશી હેન્ડવર્ક વિશેષ ઓળખ ધરાવે છે. સુરતના કારીગરોની બારીક કારીગરીને કારણે આ સાડીઓની સુંદરતા અને બજાર કિંમતમાં નોંધપાત્ર વધારો થાય છે. સિલ્ક રૂટના સમયથી સુરતનાં ઘરોમાં સિલ્ક ફેબ્રિક પર હાથથી કરવામાં આવતું આર્ટ સિલ્ક વર્ક અને જરીનું કામ પેઢી દર પેઢી ચાલતું આવ્યું છે, જે શહેરની ઐતિહાસિક કાપડ પરંપરાનો મહત્ત્વનો ભાગ છે.

### સુરતની લુપ્ત થતી જરી જરદોશીની કળાને પ્રમોટ કરવા ખુદ વડાપ્રધાન મોદીએ હેન્ડ મેડ વર્કનો ખેસ પહેર્યો હતો

સુરતની લુપ્ત થતી પરંપરાગત જરી-જરદોશીની કળાને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે યોજાયેલા એક કાર્યક્રમમાં સુરતમાં તૈયાર કરાયેલ હેન્ડમેડ જરી-જરદોશી વર્કનો વિશિષ્ટ ખેસ ધારણ કર્યો હતો. આ ખેસ સુરતની સામાજિક સંસ્થા 'અમી હેન્ડીક્રાફ્ટ' દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. સંસ્થા છેલ્લાં ઘણાં વર્ષોથી સુરતની પરંપરાગત જરી અને જરદોશી કળાને જીવંત રાખવા માટે કાર્યરત છે. મહિલાઓ પોતાના ઘરે રહીને વેલ્વેટ, સિલ્ક, ધૂપીયન સહિતના વિવિધ પ્રકારનાં કાપડ પર પરંપરાગત, ફ્રીહેન્ડ તેમજ ગ્રાફિક્સ ડિઝાઇન આધારિત સુંદર જરી-જરદોશીની કૃતિઓ તૈયાર કરે છે. સંસ્થા આ હસ્તકલાને માત્ર તૈયાર કરાવતી નથી, પરંતુ તેને બજાર સુધી પહોંચાડવા માટે પણ સક્રિય ભૂમિકા ભજવે છે. સંસ્થા કારીગર મહિલાઓને યોગ્ય પ્લેટફોર્મ, માર્કેટિંગ અને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવી તેમની કળાને દેશ-વિદેશ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે.